## આજે રેશનલ સમાજની બેઠક મળશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આજરોજ શનિવાર સાંજે ૫.૩૦ વાગે સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે મળશે. બેઠકમાં સર્વે સભાસદ મિત્રોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## રવિવારીય યુવા શિબિર

૧૩મી જુલાઈના રવિવારથી સળંગ પાંચ રવિવારે સવારે દસથી એક વાગ્યા સુધી શિબિર યોજાશે. પ્રથમ શિબિરનો વિષય આંસુએ સર્જ્યો ઈતિહાસ શિબિરાર્થીની વય મર્યાદા ૧૫ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો. ભાઈઓએ સફેદ વસ્ત્રો શક્ય હોય તો પહેરવા. શિબિરના નિશ્રા દાતા પ.પૂ. પંન્યાસ શ્રી ભદ્રેશ્વર વિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિમ યોગીરત્ન વિજયજી મ.સા. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતા લાભ લેવા જણાવેલ છે.

## સે-૨૧ પુસ્તકાલય ખાતે પુસ્તકોનું વેચાણ કરવામાં આવશે

સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧માં આજ રોજ શનિવારે જુના સામયિકો વેચાણ માટે મુકવામાં આવશે. જીવનમાં પુસ્તકોનું મહત્વ ખુબ જ રહલું છે. અને પુસ્તકો મન માટે સાબનું કામ કરે છે ત્યારે પુસ્તક પ્રેમીઓ, સાહિત્ય રસિકો તેમજ આગામી પરીક્ષામાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારોએ આ પુસ્તકોનો લાભ લેવા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ગણેશોત્સવનું આયોજન કરવા બેઠક મળશે

દર વર્ષની જેમ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, (સેક્ટર-૨૨ રંગમંચ) ગાંધીનગર દ્વારા આ વર્ષે પણ સમિતિ દ્વારા ૪૫ મો ગણેશોત્સવ તા. ૨૯-૮-૨૦૧૪ થી તા. ૪-૯-૨૦૧૪ સુધી ઉજવવાનું નક્કી કરેલ છે. આ હેતુ માટે ધર્મપ્રેમી જનતા તેમજ સમિતિના હોદેદારો અને કાર્યકર્તાઓને જણાવવાનું કે રવિવાર તારીખ ૧૩-૭-૨૦૧૪ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જીમખાના, સેક્ટર-૧૯ ખાતે સાધારણ સભાનું આયોજન કરેલ છે. તેમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવે છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## હેલ્થ એન્ડ હોસ્પિટલ કમિટીમાં પાંચ કોંગ્રેસના સભ્યોની નિમણુંક

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર સિવિલમાં હેલ્થ એન્ડ હોસ્પિટલની કમિટીમાં પાંચ કમિટી સભ્યોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં કેશરીસિંહ બિહોલા, કે.પી. સોલંકી, વિનય સોલંકી, કનૈયાલાલ શાહ અને શ્રીમતી સંગીતાબેન શાહની ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કમિટી સભ્યપદે નિમણૂંક કરવામાં આવી છે. સભ્યોની નિમણૂંક થવાથી નગરના શ્રમજીવી ગરીબ નિરાધાર દર્દીઓને સમાજ સેવકો જરૂરી માર્ગદર્શન આપશે. નવ નિયુક્ત સભ્યોને ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## સોમવારથી આકાશમાં ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે

તા. ૧૪મી જુલાઈ થી ૩૦ જુલાઈ સુધી આકાશમાં ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે. જેને ડેલ્ટા એકવેરીડસ ઉલ્કાવર્ષા કહેવાશે. રાત્રિના એકથી પરોઢિયે નિહાળવાનો શ્રેષ્ઠ સમય છે. કલાકની ૧૫ થી ૫૦ ઉલ્કાઓ સ્પષ્ટ પડતી જોવા મળશે. આકાશમાં દિવાળીના ફટાકડા જેવી આતશબાજી થશે. રાજયમાં ખગોળીય આનંદ લૂંટવા ભારત જન વિજ્ઞાન જાથાએ જણાવેલ છે. વાદળોના અવરોધો વચ્ચે પણ ઉલ્કા વર્ષા થશે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો વરસાદ હોય છે.

## સચિવાલય એમ્પ્લોઈઝ સોસાયટીના હોદેદારો નિમાયા

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો-ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટીની બેઠક તાજેતરમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ-ઉમેશકુમાર વસાવા, ઉપપ્રમુખ મીઠાભાઈ પટેલ, માનદ મંત્રી જયેશકુમાર રાવલ, સહમંત્રી જયંતીલાલ સાધુ, ચેરમેન લોન સમિતિ રાજુલ ભટ્ટ અને ચેરમેન ખરીદ સમિતિમાં જયેશકુમાર જોષીની વરણી કરવામાં આવી હતી.

## શબ્દાવલી - ૫૪૪૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | |
| ૬ | | | ■ | ૭ | | ■ | ■ |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | ૧૧ | ૧૨ |
| | ■ | ■ | ૧૩ | ૧૪ | | | |
| ■ | ૧૫ | | | | ■ | ■ | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | | | ■ | ૨૨ | | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ■ | |

### આડી ચાવી

૧. બસ કે ગાડી થોભવાની જગ્યા (૩)
૪. સીડી, દાદર (૪)
૬. ગાડુ (૩)
૭. વેરો, હાથ (૨)
૮. પાણીની ચકલી (૨)
૧૦. હોદ્દો, પદ (૩)
૧૩. તરફડાટ, વલવલવું તે (૫)
૧૫. રસોઇઓ (૪)
૧૬. નાનો તંબુ કે તેની કનાત(૨)
૧૭. જેવો તેવો, રેંજપેંજી (૫)
૨૧. ઉપજ આપે તેવી (જમીન) (૪)
૨૨. મિજાજી, અભિમાની (૩)
૨૩. ચકલા વગેરે પંખીઓને નાખવામાં આવતું અનાજ (૨)
૨૪. સળેકડી (૨)

### ઊભી ચાવી

૧. કાગળ પેન વગેરે લેખન સામગ્રી (૪)
૨. સર્વ, તમામ સઘળુ (૩)
૩. વેશ ભજવનાર કલાકાર(૨)
૪. પાણી જવાનો રસ્તો, ધોરિયો (૨)
૫. ખિતાબ, એવોર્ડ (૪)
૯. વિજળીઘર (૬)
૧૧. 'લાય' શબ્દ ઊંધો (૨)
૧૨. અરજી, કાનુની હૂકમ મેળવવાની અરજી (૨)
૧૪. નમેલી લચક પડતી, અંગનો મરોડ(૨)
૧૫. બાળ અવસ્થા (૪)
૧૬. નાનકડું પડીકું. દા.ત. ભગત (૩)
૧૮. શાખ કે કબુલાતની સહી(૨)
૧૯. સુંદર સ્ત્રી, લક્ષ્મી કે સરસ્વતી (૨)
૨૦. લીખ કાઢવાની કાંસકી(૩)

### શબ્દાવલી ૫૪૪૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) આસોપાલવ (૩) સાગ (૫) અમર (૬) રોકાણ (૮) પાળ (૯) દરગુજર (૧૧) દામોદર (૧૨) વારાફરતી (૧૪) ગુણગાન (૧૬) ભાતીગળ

**ઊભી ચાવી :-** (૧) આસરો (૨) પાષાણ (૩) સામ (૪) ગરમર (૫) અળગુ (૭) કાણ મોકાણ (૮) પાર (૯) દરવાન (૧૦) જર્જર (૧૩) ફજેતી (૧૪) ગુફા (૧૫) વાઘ

# વેપારી પાસેથી ક્રાઈમ બ્રાન્ચના નામે તોડ કરતા ૬ શખ્સો સાત દિવસના રિમાન્ડ પર

વડાલી, તા. ૧૧

ખેડબ્રહ્મા ધોરી માર્ગ પર આવેલ રેલવે ફાટક પાસેના વટપલ્લી નજીકથી ગુરૂવારે વડાલી પોલીસે નકલી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી બનીને આવેલા ૬ જણાને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી પોલીસે ત્રણ મોબાઈલ અને રૂ. ૩૪ હજાર રોકડ સહિત અન્ય બનાવટી દસ્તાવેજો કબજે લીધા હતા. ત્યારબાદ થાણેના એક વેપારીની ફરિયાદને આધારે વડાલી પોલીસે ગુનો નોંધી ૬ જણાને જેલમાં ધકેલી દીધા હતા અને શુક્રવારે સાંજે કોર્ટમાં રજુ કરતા દિન સાતના રિમાન્ડ મંજુર કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના શિકારપુરા વિસ્તારમાં ગ્લોબલ એન્જીનીયરીંગ ફેકટરીના માલિક મહેશભાઈ બાબુભાઈ પંચાલને ત્યાં ખેડબ્રહ્માના ભદ્રેશભાઈ જોષી થોડા સમય અગાઉ કામ કરતા હતા. જે આધારે મહેશભાઈએ પરત આવી તાજેતરમાં મહેશભાઈ બાબુભાઈ પંચાલને ક્રાઈમ બ્રાન્ચના ગોવિંકકુમાર ખરાડીના નામથી મોબાઈલ કર્યો હતો અને તેમાં કહેવાયુ હતું કે તમારી ફેક્ટરમાં કારીગરોને પુરતો પગાર આપતા નથી. જેથી તમારી વિરૂદ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેથી તમે ફેક્ટરીના ચોપડા લઈ વડાલી પોલીસસ્ટેશનમાં આવી જાઓ, નહિતર અમારી ટીમ તમારી ફેક્ટરીમાં આવશે. જેથી ગભરાયેલા મહેશભાઈએ કાયદાની બીકે બુધવારે રાત્રે નિતિનકુમાર પંચાલને સાથે લઈ કાર નંબર એમ.એચ.૦૪. જીજે.૯૮૯૧ લઈ વડાલી નજીક આવ્યા હતા. ત્યારબાદ ગોવિંદભાઈ ખરાડીને ફોન કર્યો હતો. જેમાં મહેશભાઈને કહેવાયું હતું કે તમે વડાલી રેલવે ફાટક નજીક આવેલ વટપલ્લી મંદિર નજીક આવીને ઉભા રહો. ત્યારબાદ કાર નંબર જીજે.૯.એમ.૫૪૮૭ લઈને ગોવિંદભાઈ ખરાડી તેમજ બીજા પાંચ શખ્સો આવી પહોંચ્યા હતા અને મહેશભાઈની કારમાંથી રોકડ તથા મોબાઈલ મળી રૂ. ૩૪ હજાર લઈ લીધા હતા. દરમિયાન આજ વખતે વડાલી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન આવી પહોંચી હતી. જેથી તેને કંઈક અજુગતુ થયું હોવાનું જણાતા તરત જ તપાસ હાથ ધરી હતી. જેથી નકલી ક્રાઈમ બ્રાન્ચના નામે તોડ કરવાનું ખુલતાં ખુદ વડાલી પોલીસ ચોંકી ગઈ હતી. ત્યારબાદ ૬ જણાને ઝડપી લઈ તેમની વિરૂદ્ધ ગુનો નોંધી ૬ એ જણાને જેલમાં ધકેલી દીધા હતા અને શુક્રવારે સાંજે વાદળી જ્યુડીશ્યલ કોર્ટમાં રજુ કરતા કોર્ટના ન્યાયધીશ એચ. એમ. કાનાબારએ તા. ૧૮ જુલાઈ સુધીના સાત દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

## તલોદમાં સરેઆમ લીલા લાકડાનું નિકંદન : વન અને પર્યાવરણ વિભાગના આંખ આડા કાન : લોકોમાં રોષ

તલોદ, તા.૧૧

રાજય સરકાર દ્વારા અસંખ્ય રોપા ઉછેરી વન અને પર્યાવરણને હરિયાળું બનાવવાના પ્રયાસો કરાઈ રહ્યા છે. જંગલો જીવંત રહે અને પર્યાવરણથી સંતુલીતતા જળવાઈ રહે તે હેતુથી પૂર્વ મુખ્ય પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેક પ્રયાસો આદરી અઢળક ખર્ચ કરીને જંગલોની વિશેષતા અંગે રક્ષણની કામગીરી વનપરિક્ષેત્ર વિભાગને સોંપાઈ હતી પરંતુ તલોદમાં છેલ્લા કેટલાક સમથી જીવીત લીલા હરિયાળા ઝાડો કાપી નાંખી રોજીંદા હજારો મણ લાકડા ડેન્સાઓમાં ગેરકાયદેસર ટ્રેકટર દ્વારા ઠલવાઈ રહ્યા છે. પ્રાઈવેટ માલિકીના તેમજ સરકારના ઉછેરેલા વૃક્ષોનું ખુલ્લે આમ નિકંદન કાઢી સસ્તા ભાવતી ડેન્સા માલિકો ખરીદી કરી રહ્યા છે. વન વિભાગને તલોદમાં માસિક મીઠાઈ મળી રહેતા ફરજ અને જવાબદારીમાંથી મુકત હોવાનું જણાવી રહ્યા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો પ્રારંભ થઈ ગયો છે. નાના બાળકથી લઈ પ્રૌઢ સૌ કોઈ રોઝા રાખી રહ્યા છે ત્યારે ધનસુરામાં હિન્દુ ભકતે મુસ્લિમ બિરાદરોને રોઝા છોડાવી ઈફિતયાર પાર્ટી આપી હતી. મુસ્લિમ સમુદાયમાં પવિત્ર રમઝાન માસનો અનેરો મહિમા હોય છે. મુસ્લિમ બિરાદરો રમઝાન માસમાં વહેલી સવારથી સાંજ સુધી ભૂખ્યા અને તરસ્યા રહી રોઝા પાળે છે અને સાંજે ચોકકસ સમયે રોઝા છોડે છે. અરવલ્લીના ધનસુરામાં પણ રમઝાન માસને લઈ અનોખી રોનક જોવા મળી રહી છે. ત્યારે આજે ધનસુરા શહેરમાં હિન્દુ મુસ્લિમની એકતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. શહેરના હિન્દુ બિરાદર મુકેશભાઈ પટેલે આસપાસ રહેતા મુસ્લિમ સમાજના મિત્રોને રોઝા છોડાવી ઈફિતયાર પાર્ટી આપી સાથે ભોજન લઈ હિન્દુ-મુસ્લિમ કોમી એખલાસના દર્શન કરાવ્યા હતા.

### કાટમાળનો ઢગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડોશીઓમાં ચકમક જરતી હોવાના કીસ્સાઓ પ્રકાશમાં આવ્યા હોવાના પણ દાખલા છે. સે. ૪-સી માં આવી જ સ્થિતિ સર્જાઈ છે. સેક્ટરના પ્લોટ નં. ૮૪૫/૧ સામેના કોમન પ્લોટમાં છેલ્લા બે મહીનાથી બિલ્ડીંગ મટીરીયલ્સના વેસ્ટનો ઢગ ખડકાયો છે. રેતી, કપચી, ઈંટ પત્થરોનો ઢગ ખડકાયેલો રહેતા સ્થાનિક રહીશો માટે શિરદર્દ ઉભો થયો છે. આમ છતાં સોલીડ વેસ્ટ દૂર ન થતા રહીશોને ગળે આવી ગયો છે. સેક્ટરમાં સ્થિત સરકારી કોમન પ્લોટમાં જ ઈંટ-પત્થરો ખડકાતા ઉબડ-ખાબડ સ્થિતિ સર્જાઈ છે. જાગૃત નાગરિકો દ્વારા આ મામલે ગુડાના તંત્રને પણ રજૂઆત કરવામાં આવી છે.

### સૌથી સલામત રાજ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેબોરેટરીની કામગીરીને બિરદાવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય તપાસ એજન્સીઓ તથા અન્ય રાજ્યોની તપાસ એજન્સીઓને કરેલ મદદ સામે રૂ. ૪.૬૩ કરોડ જેટલી આવક થયેલ છે. સુરક્ષા સેતુ સોસાયટી નામની શરૂ કરાયેલી યોજના પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસનો સેતુ બની પ્રશંસનીય અને લોકઉપયોગી કામગીરી કરી રહી છે.

રાજ્ય સરકારે પોલીસ તંત્રના સુદઢીકરણ અને આધુનિકરણમાં લીધેલા અનેક વિધ પગલાંની વિગતો રજૂ કરાતાં ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ અંદાજપત્રમાં ૫ શહેરી વિસ્તારોમાં તથા ૧૨ ગ્રામ્ય વિસ્તારોમાં એમ કુલ ૧૭ નવા પોલીસ સ્ટેશન બનાવવા માટે, ૮ પોલીસ સ્ટેશનોને અપગ્રેડ કરવા, ૫ નવી આઉટ પોસ્ટ અને ૫ નવી પોલીસ ચોકીઓ ઉભી કરવા માટે જુદા જુદા સંવર્ગોની ૧૨૬૭ નવી જગ્યાઓ ઉભી કરવા રૂ. ૧૩.૨૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સાત નવા જિલ્લામાં ક્વિક રિસ્પોન્સ ટીમ માટે અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોર્ડ માટે રૂ. ૧.૭૨ કરોડની તથા નવા વાહનો માટે રૂ. ૫૦ કરોડની, નવરચિત જિલ્લાઓમાં હોમગાર્ડઝ કચેરીઓ કાર્યરત કરવા માટે તેમજ મહેસાણા જિલ્લાના સુંઢિયા ખાતે હોમગાર્ડ તાલીમ કેન્દ્રના મકાન માટે રૂ. ૧.૮૫ કરોડની, નાગરિક સંરક્ષણની કચેરી ભુજ ખાતે કન્ટ્રોલ રૂમ બનાવવા માટે એક કરોડ, જેલોમાં બાંધકામ માટે રૂ. ૨૨.૭૫ કરોડ, જેલોમાં સલામતી વ્યવસ્થા સુદઢ કરવા માટે રૂ. ૧૪.૨૫ કરોડ, ફોરેન્સીક સાયન્સના વિકાસ માટે રૂ. ૩૫ કરોડ, સુરક્ષા સેતુની કામગીરી માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મીમી, સાવરકુંડલામાં ૩૭ તથા વાડીયામાં ૪૨ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. આજે સવારે ૮ વાગ્યે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન વલસાડ જિલલાના પારડીમાં ત્રણ ઈંચ એટલે કે ૭૫ મીમી, ઉમરગામમાં ૧૨, વાપીમાં ૨૦ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે નવસારીના ચીખલી, ગણદેવી, જલાલપોર, નવસારી ઉપરાંત ડાંગ, આહવા, ભરૂચ, સુરતમાં પણ અનેક સ્થળોએ વરસાદ નોંધાયો હતો.

### પ્રોજેક્ટ અમલી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં જે વિકાસના કામો ચાલી રહ્યા છે તેમાં ગતિ લાવવા માટે તંત્રને તાકીદ કરવામાં આવી હતી. મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ વર્ષે પણ ચાર હજારથી વધુ ટ્રી ગાર્ડ મુકવામાં આવે તે રીતે કામને મંજૂરી આપી દેવામાં આવેલ છે. જે કામ ગત બેઠકમાં મુલ્તવી રખાયુ હતુ. સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં મિલ્કતવેરાના બિલોની બજવણી પણ ઝડપથી થઈ જાય તે જોવા તાકીદ કરવામાં આવી હતી. શહેરમાં સ્વચ્છતાની કામગીરીએ મ્યુનિ. કમિશનરશ્રીએ જે રીતે હાથ ધરી છે તેની નોંધ પણ આજની બેઠકમાં લેવાઈ હોવાનું વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે. કમિશનરશ્રીએ સફાઈ અને રોગચાળા નિયંત્રણની કામગીરી પર અસરકારક મોનીટરીંગ કરવાનો નિર્ણય કર્યો હોવાથી તંત્ર એકદમ દોડતુ થયું છે.

### મુંબઈમાં ભારે વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ તમામ ટ્રેનો ૨૫થી ૩૦ મિનિટ મોડે દોડી રહી છે. કુર્લા, ભાંડુપ, ડોકયાર્ડ, સિયોન જેવા વિસ્તારોમાં ટ્રેક ઉપર પાણી ભરાઈ ગયા હતા જેથી ટ્રેન સેવાને માઠી અસર થઈ હતી. સેન્ટ્રલ અને હારબર લાઈન ઉપર ટ્રેન સેવાને અસર થઈ હતી. અહીં ટ્રેન ૨૫થી ૩૦ મિનિટ મોડેથી દોડી રહી છે. રેલવેના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, ઘણા માર્ગો ઉપર પાણી ભરાઈ ગયા છે. કિંગ સર્કલ, હિંદમાતા, કુર્લા, કોલાબામાં પાણી ભરાઈ ગયા છે. હવામાન ખાતાએ આગાહી કરી હતી કોલાબમાં ચાર ઈંચથી વધારે વરસાદ થયો છે. શાંતાક્રૂઝમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. દાદર, પારેલ, કુર્લા, ઘાટકોપર જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પણ વાહન વ્યવહારને અસર થઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાંથી પાણીની તકલીફને દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ગ્રેટર મુંબઈ દ્વારા પંપ સેવાનો ઉપયોગ કરાયો હતો. સવારે ૧૦.૩૦ વાગ્યા સુધી ૧૨૮ પંપ કામમાં લેવામાં આવ્યા હતા અને માર્ગો પરથી પાણી દૂર કરવામાં આવ્યું હતું. જો વરસાદ જારી રહેશે તો કોર્પોરેશન વધારે પંપ જારી કરશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૪૮ કલાકમાં મુંબઈમાં ભારે વરસાદ થઈ શકે છે. પેસિફિક પ્રદેશમાં છેલ્લા થોડાક દિવસમાં નિયોગુરી વાવાઝોડુ સક્રિય થયું છે જે જાપાનને પાર કરી ચુક્યું છે. આ વાવાઝોડુ ભેજ ખેંચી જશે જેનાથી વરસાદની તીવ્રતામાં વધારો થયો છે. મળેલી માહિતી આગામી બે ત્રણ દિવસમાં ભારે વરસાદ થઈ શકે છે. મોનસુન પુનઃ સક્રિય થવાના સંકેત છે. માત્ર મુંબઈમાં જ નહીં બલ્કે સમગ્ર કોંકણ પ્રદેશમાં સારો વરસાદ થઈ શકે છે. મુંબઈમાં ભારે વરસાદ બાદ સામાન્ય લોકો માની રહ્યા છે કે, દેશના અન્ય ભાગોમાં પણ આગામી દિવસોમાં વરસાદ થશે. જુલાઈના અંત સુધીમાં વરસાદ સક્રિય થઈ જશે.

### બદલીના હુકમો

● અનુસંધાન પહેલાનું ચાલુ

| | | |
|---|---|---|
| કે. એન. ડામોર | ના. પોલીસ કમિશનર ઝોન-૩, સુરત | સુપ્રિ. ઓફ પોલીસ તાપી |
| વિધી ચૌધરી | સુપ્રિ. ઓફ પોલીસ કચ્છ (પશ્ચિમ) | ના. પોલીસ કમિશનર અમદાવાદ |
| વિશાલ વાઘેલા | સુપ્રિ. ઓફ પોલીસ રાજકોટ ગ્રામ્ય | સુપ્રિ. ઓફ પોલીસ ગીર |
| નિર્લિપી રાય | ના. પોલીસ કમિશનર અમદાવાદ | સુપ્રિ. ઓફ પોલીસ અમદાવાદ ગ્રામ્ય |
| એ. એમ. મુનિયા | ના. પોલીસ કમિશનર અમદાવાદ | સુપ્રિ. ઓફ પોલીસ આઈ.બી., અમદાવાદ |
| આર. વી. ચુડાસમા | સુપ્રિ. ઓફ પોલીસ ગીર-સોમનાથ | સુપ્રિ. ઓફ પોલીસ આઈ.બી. ગાંધીનગર |
| આર. પી.બારોટ | સુપ્રિ. ઓફ પોલીસ મોરબી | ના. પોલીસ કમિશનર અમદાવાદ |

### જાહેરાત

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પ્રથમ માળ, ગાંધીનગર. આ કચેરી ખાતે ઈલેક્ટ્રીક રીપેરીંગની કામગીરી માટે વાર્ષિક કરારથી કામગીરી કરવાની હોય મકાન અને માર્ગ ખાતામાં રજીસ્ટર થયેલ હોય તેવા માન્ય કોન્ટ્રાક્ટરો પાસે ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રીના નામજોગ રજીસ્ટર પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે તા. ૨૫/૭/૨૦૧૪ સુધીમાં સાંજે ૫-૦૦ વાગ્યા પહેલાં મળી જાય તે રીતે મોકલવા. આ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણ દર્શાવવામાં આવશે નહીં.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયામ તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૬૮૬/૧૪-૧૫

## Dena Gujarat Gramin Bank

(A joint Venture of Govt. of india, Govt. of Gujarat & Dena Bank)
: Head office :
Balvantry Mehta Panchayat Bhavan, "CH" Road, Sector-17, Gandhinagar.

**Balacesheet and profit & Loss Account for the year Ended 31-3-2014**

**INDEPENDENT AUDITOR'S REPORT**

To
THE MEMBERS
DENA GUJARAT GRAMIN BANK
GANDHINAGAR

**Report on the Financial Statements**

1. We have audited the accompanying financial statements of **DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR** which comprise the Balance Sheet as at 31st March, 2014, the Profit and Loss Account and the Cash Flow Statement for the year then ended and a summary of significant accounting policies and other explanatory information. Incorporated in these financial statements are the returns of which are incorporated the returns of 14 Branches and 3 Regional Offices audited by us and 156 branches audited by branch auditors. The Branches and Regional Offices audited by us and those audited by other auditors have been selected by the Bank in accordance with the guidelines issued to the Bank by National Bank for Agriculture and Rural Development. Also incorporated in the Balance Sheet and the Profit and Loss Account are the returns from 23 unaudited branches in accordance with the guidelines issued by National Bank for Agriculture and Rural Development. These unaudited branches account for 0.29 percent of advances, 0.44 percent of deposits, 0.06 percent of interest income and 0.07 percent of interest expenses.

**Management's Responsibility for the Financial Statements**

2. Management is responsible for the preparation of these financial statements in accordance with the section 29 read with section 31 of Banking Regulation Act, 1949 and applicable Accounting Standards. This responsibility includes the design, implementation and maintenance of internal control relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

**Auditor's Responsibility**

3. Our responsibility is to express an opinion on these financial statements based on our audit. We conducted our audit in accordance with the Standards on Auditing issued by the Institute of Chartered Accountants of India. Those Standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free from material misstatement.

4. An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in the financial statements. The procedures selected depend on the auditor's judgement, including the assessment of the risk of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to the bank's preparation and fair presentation of the financial statements in order to design audit procedures that are appropriate in the circumstances. An audit also includes evaluating the appropriateness of accounting policies used and the reasonableness of the accounting estimates made by the management, as well as evaluating the overall presentation of the financial statements.

5. We believe that the audit evidences we have obtained are sufficient and appropriate to provide a basis for our audit opinion.

**Opinion**

6. In our opinion, as shown by books of bank, and to the best of our information and according to the explanations given to us:
(a) the Balance Sheet, read with the notes thereon is a full and fair Balance Sheet containing all the necessary particulars, is properly drawn up so as to exhibit a true and fair view of the state of affairs of the Bank as at 31st March, 2014 in conformity with the accounting principles generally accepted in India;

(b) the Profit and Loss Account, read with the notes thereon shows a true balance of Profit, in conformity with accounting principles generally accepted in India, for the year covered by the account; and

(c) the Cash Flow Statement, gives a true and fair view of the cash flows for the year ended on that date.

**Report on Other Legal and Regulatory Requirements**

7. The Balance Sheet and the Profit and Loss Account have been drawn up in Forms "A" and "B" respectively of the Third Schedule to the Banking Regulation Act, 1949.
8. Subject to the limitations of the audit indicated in paragraph 1 to 5 above, we report that:

(a) We have obtained all the information and explanations which to the best of our knowledge and belief were necessary for the purposes of our audit and have found them to be satisfactory.

(b) The transactions of the Bank, which come to our notice, have been within the powers of the Bank.

(c) The returns received from the branches of the Bank have been found adequate for the purpose of our audit.

9. In our opinion, the Balance Sheet, Profit and Loss Account and Cash Flow Statement comply with the applicable accounting standards.

PLACE: GANDHINAGAR
DATED: 19TH MAY, 2014

FOR SINGHVI & MEHTA
CHARTERED ACCOUNTANTS
F. R. NO. 02464W
Sd/-
(KALURAM GURJAR)
PARTNER
M. NO. 130095

**DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR**
**Form :"A"**
**BALANCE SHEET AS AT 31ST MARCH, 2014**
(Rs. in Thousand)

| | | Sch. No. | As at 31.03.2014 | As at 31.03.2013 |
|---|---|---|---|---|
| 1 | CAPITAL AND LIABILITIES | | | |
| | Capital | 1 | 30000 | 30000 |
| | Sharc Capital Deposits | | 522339 | 522339 |
| | Rescrves & Surplus | 2 | 1464943 | 1246654 |
| | Deposits | 3 | 28483476 | 25181248 |
| | Borrowings | 4 | 2855221 | 2204081 |
| | Other Liabilities and Provisions | 5 | 3068904 | 3097735 |
| | TOTAL | | 36424883 | 32282057 |
| 2 | ASSETS | | | |
| | Cash and Balances with RBI | 06 | 1369647 | 1187866 |
| | Bal. With Banks & Money at call and short notice | 7 | 14259983 | 13116071 |
| | Investments | 8 | 6466049 | 5697248 |
| | Advances | 9 | 12868819 | 11097902 |
| | Fixed Assets | 10 | 90296 | 77243 |
| | other Assets | 11 | 1370089 | 1105727 |
| | TOTAL | | 36424883 | 32282057 |
| | Contingent Liabilitics | 12 | 37066 | 23142 |
| | Bills for Collection | | 96725 | 130975 |
| | Significant Accounting Policies | 17 | ---- | ---- |
| | Notes Forming part of accounts | 18 | ---- | ---- |

**DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR**
**Form :"B"**
**BALANCE SHEET AS AT 31ST MARCH, 2014**
(Rs. in Thousand)

| | | Sch. No. | As on 31.03.2014 | As on 31.03.2014 |
|---|---|---|---|---|
| I | INCOME | | | |
| | 1. Interest Earned | 13 | 2663695 | 2399150 |
| | 2. Other income | 14 | 193822 | 91776 |
| | TOTAL INCOME | | 2857517 | 2490926 |
| II | EXPENDITURE | | | |
| | 1. Interest expended | 15 | 1949605 | 1701388 |
| | 2.Operating Expenses | 16 | 539616 | 509781 |
| | 3.Provisions and Contingencies | 16 | 146731 | 103325 |
| | TOTAL Expenditure | | 2635952 | 2314494 |
| III | NET PROFIT FOR THE PERIOD | | 221565 | 176432 |
| IV | APPROPRIATIONS | | | |
| | Transfer of Statutory Reserves | | 55391 | 44108 |
| | Transfer to Investment Fluctuation Resrve | | 0 | 0 |
| | Balance carried over to P & L A/C | | 166174 | 132324 |
| | Basic Earnings Per Share (Rs.) | | 738.55 | 588.11 |
| | Diluted Earnings PerSharc (Rs.) | | 40.11 | 33.75 |
| | Singnificant Accounting Policies | 17 | | |
| | Notes Forming Part of Accounts | 18 | | |

As per our report of even date attached
For SINGHVI & MEHTA
CHARTERED ACCOUNTANTS
F.R.No.02464W
Sd/-
(KALU RAM)
PARTNER
M.No.130095

PLACE: GANDHINAGAR
DATED: 19TH MAY, 2014

**FOR DENA GUJARAT GRAMIN BANK, GANDHINAGAR**

Sd/-
(B.C.PATEL)
Sr. Manager (Acct.)

Sd/-
(R.S.Chowdhary)
General Manager

Sd/-
(G.K.Paneri)
Chairman

1 K.C.Chhipa Director Sd/-
2 C.S.Meena Director Sd/-
3 R.V.Surti Director Sd/-
4 Suresh Chand Director Sd/-
5 A.J.Shah Director Sd/-
6 C.J.Mecwan Director Sd/-
7 Vikesh Mehta Director Sd/-
8 S.L.Dabhi Director Sd/-